GJJM110018772025

सत्यमेव जयते

દાખલ તારીખ	૨૭/૧૦/૨૦૨૫		
નોંધ્યા તારીખ	૨૭/૧૦/૨૦૨૫		
નિર્ણય તારીખ	૦૮/૦૫/૨૦૨૬		
સમયગાળો	વર્ષ	માસ	દિવસ
	૦૦	**૦૬**	**૧૨**

કાલાવડના જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રી ની કોર્ટમાં, મુ.કાલાવડ

ક્રિમીનલ કેસ નંબર:- ૧૫૪૬/૨૦૨૫

આંક-....

ફરિયાદી :- **ભરત મનસુખભાઈ રાઠોડ**
ઉ.વ.-૨૬, ધંધો-નોકરી,
રહે.- કાલાવડ, જી.જામનગર.

-: વિરુધ્ધ :-

આરોપી :- **ઉદેશી જયદીપભાઈ વિઠલભાઈ**
ઉ.વ.- ૩૩, ધંધો-મોબાઈલ રીપેરીંગ,
રહે.- ૨૩૫ સોની શેરી, કાલાવડ જી. જામનગર

ગુનો :- **ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબનો**

....

ફરિયાદપક્ષ તરફે :- વિધ્વાન વકીલશ્રી જે.એસ.પરમાર

આરોપીપક્ષ તરફે :- વિધ્વાન વકીલશ્રી જે.એન.જાડેજા

....

-: ચુકાદો :-

(૧) ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ફરીયાદી તથા આરોપી વચ્ચે મિત્રતાના સંબંધ હોય તે સંબંધથી ઓળખાણ થતા સંબંધના નાતે આરોપીને ધંધાના વિકાસ અર્થે નાણાંની જરૂરીયાત ઉપસ્થિત થતા ધંધાના ઉપયોગ માટે આરોપીએ ફરીયાદી પાસેથી હાથઉછીની રકમ રૂા. ૮,૨૭,૫૭૦/- અંકે રૂા. આઠ લાખ સત્યાવીસ પાંચ સો સીતેર પુરા પ્રોમીસરી નોટમાં જણાવ્યા મુજબની વિગતે સ્વીકારેલ એટલે કે (૧) રૂા. ૪,૧૧,૦૦૦/- અંકે રૂપીયા ચાર લાખ અગિયાર હજાર પુરા પીરામલ ફાઈનાન્સ માંથી લોન પેટે તહોમતદારને અપાવેલ જેમાંથી લોન ભરાતા હાલ લોન રૂા. ૩,૫૦,૦૦૦/- અંકે રૂપીયા ત્રણ લાખ પચાસ હજાર પુરા ભરવાના બાકી બોલે છે, (૨) રૂા.૧,૮૦,૦૦૦/- અંકે રૂા. એક લાખ એંશી હજાર પુરા પુનાવાલા ફાયનાન્સ માથી લોન પેટે ફરીયાદીના ખાતે અપાવેલ જેમાથી લોન ભરાતા હાલ લોન રૂા.૧,૦૧,૦૦૦/- અંકે રૂપિયા એક લાખ એક હાજર પુરા ભરવાની બાકી બોલે છે, (૩) રૂા.૧,૫૦,૦૦૦/- અંકે રૂપીયા એક લાખ પચાસ હાજર પુરા મુથૂત ફાયનાન્સ માથી ગોલ્ડ લોન જે ફરીયાદનો સોનાનો ચેન જે ૩ (ત્રણ) તોલા ઉપરનો આપીને લોન અપાવેલ જે તમામ લોન ભરવાની બાકી છે, (૪) રૂા.૬૫,૦૦૦/- અંકે રૂપિયા પાંસઠ હાજર પુરા કેશ ફાયનાન્સ માથી લોન પેટે ફરીયાદીના ખાતે અપાવેલ જેમાથી લોન ભરાતા હાલ લોન રૂા.૪૫,૮૦૦/- અંકે રૂપિયા પિસ્તાલીશ હાજર આઠસો પુરા ભરવાની બાકી બોલે છે તેમજ (૫) ફરીયાદીના એકિસસ બેન્કનું ક્રેડીટ કાર્ડ માથી રૂા. ૬૫,૦૦૦/- નો ઉપયોગ કરેલ છે, જે હાલમાં ૮૮,૭૯૦/- અંકે રૂપિયા અઠયાવીસ હાજર સાતસો નેવુ પુરા ભરવાના બાકી છે તેમજ એસ. બી આઈ બેન્કનુ ક્રેડીટ કાર્ડ માથી રૂા.૧૦,૦૦૦/- નો ઉપયોગ કરેલ છે જે રૂા. ૧૧,૯૮૦/- અંકે રૂપિયા અગીયાર હજાર નવસો એંસી પુરા ભરવાના બાકી છે તેમજ હાથ ઉછીના રૂા.૮૦,૦૦૦/- અંકે રૂપિયા એંસી હાજર પુરા રોકડ આપેલ છે. આમ કુલ રૂા.૯,૬૧,૦૦૦/- અંકે રૂપિયા નવ લાખ એકસઠ હજાર પુરા આરોપીને મળેલ છે. જેની આરોપીએ પ્રોમીસરી નોટથી પાકી પહોંચ સ્વીકારેલ હતી. જે પ્રોમીસરી નોટ નોટરી શ્રી

બી.ડી.ખંડવી પાસે પેઈજ નં. ૪૯, સીરીયલ નં.૧૧૪૯ થી તા. ૦૪/૦૭/૨૦૨૫ ના રોજ કરી આપેલ છે , આમ વિગતે કુલ રકમ માંથી લોન ભરપાઈ થયા બાદ જે હાલ બાકી રહેતી રકમ રૂા.૮,૨૭,૫૭૦/- અંકે રૂપિયા આઠ લાખ સત્યાવીસ હજાર પાંચસો સીતેર પુરા ભરવાના બાકી નીકળે છે. સદરહુ રકમ પ્રોમીસરી નોટમાં જણાવ્યા મુજબ એક થી દોઢ માસ સુધીમા ફરીયાદીને આરોપીએ પરત ચુકવી આપવાની હતી.

(૧.૧) આરોપીએ તેમના ધંધાના વિકાસ અર્થે સંબંધ ના દાવે લીધેલ રકમ રૂા. ૮,૨૭,૫૭૦/- ફરીયાદીએ આરોપી પાસે થી પ્રોમીસરી નોટ માં જણાવ્યા મુજબ નો સમય વિત્યા બાદ પરત માંગતા આરોપીએ ફરીયાદી ને બેંક ઓફ બરોડા, કાલાવડ શાખાના ખાતા નં. ૩૨૬૦૦૧૦૦૦૦૮૨૪૮ ખાતા ના ચેક નં. ૦૦૦૦૧૨ તા. ૨૮/૦૮/૨૦૨૫ ની રકમ રૂા. ૮,૨૭,૫૭૦/- પુરા નો ચેક ફરીયાદી ની રૂબરૂ માં વિગતો ભરી આરોપી એ તેમની સહી કરી આપેલ અને સદરહુ ચેક આપતી વખતે આરોપીએ પાકી ખાતરી આપેલ કે મુદતે ચેક બેન્ક માં રજુ કર્યે થી ચેક મુજબના નાણા ચોકકસ વસુલ મળી જશે.

(૧.૨) ત્યારબાદ ફરીયાદીએ આરોપી પાસેથી બાકી લેણી રકમ મેળવવા આરોપીના જણાવ્યા પ્રમાણે ચેક તા.૨૮/૦૮/૨૫ ના રોજ સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયા, કાલાવડ શાખા માં તા. ૨૯/૦૮/૨૦૨૫ ના રોજ રજુ કરતા બેંક દવારા સદર ચેક રીટર્ન મેમો તા.૨૯/૦૮/૨૫ માં ''ફન્ડ ઈન્સફીસીયન્ટ'' ના શેરા સાથે વણચુકવ્યો ફરીયાદીને પરત કરેલ છે.

(૧.૩) જેથી ફરીયાદીને જાણ થતા તા.૧૬/૦૯/૨૫ ના રોજની તેમના વકિલ શ્રી મારફત કાનુની નોટીશ તા. ૧૭/૦૯/૨૦૨૫ ના રોજ રજી. એડી. થી મોકલાવેલ જે નોટીશ આરોપી ને બજી ગયેલ તેમ છતા ત્યારબાદ મુદત પુરી થતા સુધી અને આજ સુધીમાં ચેક મુજબ ની રકમ ચુકવેલ નથી જેથી મુદત દરમ્યાન આરોપી સામે હાલની ફરીયાદી દાખલ કરવા કારણ ઉભુ થયેલ છે.

(૨) ફરિયાદીની ફરિયાદ દાખલ થતા આરોપી વિરૂધ્ધ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબના સમન્સ કાઢવાનો હુકમ કરેલ હતો. ત્યારબાદ આરોપી

રુબરુ અત્રેની અદાલત સમક્ષ પોતાાન વ.શ્રી મારફત હાજર થયેલ હતા. જેથી આરોપીને નકલ મળ્યાની ખાતરી કર્યા બાદ **આંક–૧૪ થી પ્લી નોંધવામાં આવેલ.** જેમાં આરોપીએ ગુનો કબુલ નહીં હોવાનો જવાબ આપતા કેસ આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ.

(૩) આ કામે ફરિયાદપક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના પુરાવાઓ રજુ કરવામાં આવ્યા છે.

–:: મૌખિક પુરાવો ::–

અ.નં.	વિગત	આંક
૧	ભરત મનસુખભાઈ રાઠોડ નું સરતપાસનું સોગંદનામું	૦૪

–:: દસ્તાવેજી પુરાવો :–

અ.નં.	વિગત	આંક
૧	આરોપી એ ફરીયાદી જોગ કરી આપેલ પ્રોમીસરી નોટ	૧૭
૨	આરોપીએ આપેલ ચેક નં.૦૦૦૦૧૨ ની અસલ,	૧૮
૩	બેંકે ફરીયાદીને આપેલ રીટર્ન મેમો અસલ,	૧૯
૪	ફરીયાદીએ વ.શ્રી. મારફત આરોપીને આપેલ નોટીસની ઓ.સી.,	૨૦
૫	આરોપીને નોટીસ રજી.એ.ડી. કર્યાની પોસ્ટ ખાતાની સ્લીપ અસલ,	૨૧
૬	આરોપી ને રજી. એડી. થી કરેલ નોટીસ બજી ગયેલ નો પપોસ્ટ ખાતાનો ટ્રેકીંગ રીપોર્ટ	૨૨

(૩.૧) આરોપીપક્ષે કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરાયેલ નથી.

(૪) ફરીયાદીના આંક–૦૪ ના સોગંદનામા અન્વયેની ઉલટ તપાસના સ્ટેજ ઉપર કેસ રાખેલ પરંતુ, આરોપી તરફે ફરીયાદીની ઉલટ તપાસ લેવાયેલ નથી તેમજ તા:૧૭/૦૪/૨૦૨૬ ના રોજ ફરીયાદી દવારા આંક–૧૬ થી આરોપીનો ઉલટતપાસ લેવાનો હકક બંક કરવા અંગેની અરજી રજુ કરતા જે અન્વયે પણ આરોપીને વારંવાર પોકાર કરતાં ઉલટ તપાસ લેવા માટે કોઈ હાજર ન હોય જેથી આરોપીનો ફરીયાદીની

ઉલટ તપાસનો હકક બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ. ત્યારબાદ ફરિયાદપક્ષ તરફથી આંક–૧૭ થી કલોઝીંગ પુરસીસ આપવામાં આવેલ. ત્યારબાદ કેસ એફ.એસ.ના સ્ટેજ ઉપર રાખવામાં આવેલ બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ મુજબનું વિશેષ નિવેદન આપવું તે આરોપીનો હકક છે અને આરોપી વિરૂધ્ધ જે પુરાવા ઉપર આધાર રાખવામાં આવતો હોય તેનો ખુલાસો કરવાની આરોપીને તક મળે છે. નામ.સર્વોચ્ચ અદાલતે **ઈન્ડિયન બેંક એસોસિએશન વિ.યુનિયન ઓફ ઈન્ડિયા** ના ચુકાદામાં ઠરાવેલ છે કે, આરોપીની પ્લી નોંધવામાં આવે ત્યારે આરોપીએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૧ ની જોગવાઈ મુજબ પોતાનો બચાવ રજુ કરવાનો રહેશે અને સાથે જ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૪૫(૨) મુજબ ફરિયાદી તથા તેમના સાહેદોને રીકોલ કરવા માટે અરજી આપવી જોઈશે. જો આરોપી તેમ કરવામાં નિષ્ફળ જાય તો કેસ આરોપીના બચાવના પુરાવા માટે રાખવો જોઈશે. હાલના કેસમાં આરોપીની પ્લી નોંધાઈ ત્યારે આરોપીએ પોતાનો કોઈ જ બચાવ રજુ કરેલો નથી કે ફરિયાદીને રીકોલ કરવા અરજી આપેલ નથી. એટલું જ નહિં, ઉપરોકત જણાવેલ હકીકતો મુજબ, ફરિયાદપક્ષનો પુરાવો પૂર્ણ થયા બાદ બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન તૈયાર કરવામાં આવેલ. પરંતુ, આરોપી હાજર રહેતા ન હોવાથી ફરિયાદપક્ષે આરોપીના વધારાના નિવેદનનો હકક બંધ કરવા વિનંતી કરેલ હતી. જેથી આંક–૨૪ હેઠળ હુકમ કરી આરોપીના એફ.એસ.નો હકક બંધ કરવામાં આવેલ અને કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૫) ત્યારબાદ ફરીયાદીના વિ.વ.શ્રીની દલીલો સાંભળવામાં આવેલ છે. જયારે આરોપીની દલીલના તબકકે આરોપી તરફે દલીલ માટે કોઈ હાજર રહેલ ન હોઈ આરોપીનો દલીલોનો હકક બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ છે. પક્ષકારો તરફે રજુ કરવામાં આવેલા પુરાવાઓ ધ્યાને લેતા તેમજ ફરિયાદી તરફે કરવામાં આવેલી દલીલો ધ્યાને લેતાં હાલના કેસનો આખરી નિર્ણય કરવા મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયા છે:–

૧. શું ફરિયાદપક્ષ સાબિત કરે છે કે, આરોપીએ ફરિયાદીને કાયદેસરના લેણાં પેટેનો **આંક–૧૮** થી રજુ કરેલ ચેક **''ફન્ડ ઈન્સફીસીયન્ટ''** ના શેરા સાથે પરત થયેલ, જેની લેખિત નોટીસ આરોપીને મળેલ હોવા છતાં આરોપીએ ચેકના નાણાંની ચૂકવણી સમય મર્યાદામાં ન કરીને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ–૧૩૮ અન્વયે શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

૨. શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દા પરત્વેના ન્યાયિક નિર્ણયો નીચે મુજબ છે.

૧. **''હકારમાં''.**

૨. આખરી હુકમ મુજબ.

ઉપરોકત નિર્ણયો પરત્વે મારા કારણો નીચે મુજબ છે.

// કા ર ણો //

મુદ્દા નં.૧ :–

(૭) આરોપી સામેનો આક્ષેપિત ગુનો સાબિત કરવા માટે ફરિયાદીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ ના આવશ્યક તત્વો સૌપ્રથમ સાબિત કરવાના રહે છે. ધી નેગો.ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ– ૧૩૮ ના નીચે મુજબના આવશ્યક તત્વો પુરવાર કરવાની જવાબદારી ફરિયાદી પર રહેલી છે.

૧. આરોપીએ પોતાના ધ્વારા નિભાવવામાં આવતા ખાતામાંથી નાણા ચુકવવા ફરિયાદીને ચેક આપેલ.

૨. આરોપીએ ફરિયાદીને આવો ચેક સમગ્ર અથવા અંશત: કાયદેસરનું દેવુ અથવા જવાબદારી અદા કરવા માટે આપેલ હતો.

૩. ચેક જે તારીખે લખેલ હતો તે તારીખથી ચેકની નિયત સમય મર્યાદામાં રજુ કરવામાં આવેલ હતો.

૪. ચેક આરોપીના ખાતામાં અપુરતા ભંડોળને કારણે પરત થયેલો.

૫. ચેક પરત થયાની માહિતી મળ્યા બાદ ફરિયાદીએ ૩૦–દિવસની સમય મર્યાદામાં નાણાંની માંગણી કરતી લેખિત નોટીસ ચેક લખનાર (આરોપી)ને મોકલેલ હતી.

૬. આરોપીને આવી લેખિત નોટીસ મળી ગયેલ હોવા છતાં ચેકના નાણાં ૧૫ દિવસની સમય મર્યાદામાં ચુકવી આપેલા નથી.

(૮) ફરિયાદપક્ષ તરફે ઉપરોકત તમામ આવશ્યક તત્વો પુરવાર કરવામાં આવતા ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮(એ) તથા કલમ–૧૩૯ અનુસાર ફરિયાદીની તરફેણમાં અનુમાનો કરી શકાય તેવી જોગવાઈ છે.

૧. કલમ–૧૧૮(એ):– જયાં સુધી વિરુઘ્ધનું સાબિત ના થાય ત્યાં સુધી દરેક વટાઉ ખત અવેજના માટે કરી આપ્યાનું માની લેવામાં આવશે.

૨. કલમ–૧૩૯:– વિરુઘ્ધની હકીકત સાબિત ન થાય ત્યાં સુધી અનુમાન કરવામાં આવશે કે ચેકના ધારણકર્તા એ તે ચેક ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ની જોગવાઈ અનુસાર તેમના કાયદેસરના દેવા અથવા જવાબદારીની અંશત: અથવા પૂર્ણ ચુકવણી માટે મેળવવામાં આવેલ હશે.

ઉપરોકત બંને કલમ હેઠળ ફરિયાદીની તરફેણમાં અનુમાન થઈ શકે પરંતુ બંને જોગવાઈમાં ''**વિરૂઘ્ધનું સાબિત ના થાય તો**'' તેવા શબ્દો પ્રયોજવામાં આવેલ છે. એટલે કે આ બંને અનુમાનો ખંડિત થઈ શકે તે પ્રકારેના અનુમાનો છે. વિરૂઘ્ધનું પુરવાર ના થાય તે શબ્દોના અર્થઘટન અનુસાર અનુમાનનું ખંડન સચોટ પુરાવાથી કરવાનું રહે છે અને આવા અનુમાનનું ખંડન કરવાનો બોજો આરોપીના શીરે રહે છે.

(૯) આ કામે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ અનુસારનો ગુનો બનવા માટેના આવશ્યક તત્વો જોઈએ તો, ચેક કાયદેસરની જવાબદારી પૂર્ણ અથવા અંશત: ચૂકવવા માટેનો હોવો જોઈએ. આ કામે રેકર્ડ ઉપર આવેલ તમામ પુરાવો જોવામાં આવે તો, એ હકીકતો નિર્વિવાદ છે કે, તા : ૨૮/૦૮/૨૦૨૫ ના રોજનો આંક–૧૮ થી રજુ ચેક ફરીયાદીએ પોતાના બેન્કમાં જમા કરાવેલ અને જે તકરારી ચેક ફન્ડ ઈન્સફીસીયન્ટ ના કારણે પરત ફર્યો હતો જે આંક–૧૯ થી રીટર્ન મેમો રજુ છે. સદર ચેક પરત ફર્યા બાદ ફરીયાદીએ આંક–૨૦ થી આરોપીને કાયદેસરની નોટીસ તા: ૧૭/૦૯/૨૦૨૫ ના રોજ મોકલેલ છે જે આંક–૨૧ થી પુરવાર થાય છે તેમજ આરોપીને મોકલેલ નોટીસ આંક–૨૨ ના પોસ્ટ ખાતા ના ટ્રેકીંગ રીપોર્ટ થી બજી ગયેલ છે. વધુમા, આરોપી હાજર થઈને તેઓને ફરીયાદી તરફથી કોઈ કાનુની નોટીશ ન મળેલ હોય કે જાણ ન થયેલ હોય તેવો કોઈ બચાવ કે વાંધો તકરાર લીધેલ નથી. આ તમામ દસ્તાવેજોને ફરીયાદીએ પોતાના આંક–૦૪ થી રજુ સોગંદનામાથી સમર્થન આપેલ છે અને દસ્તાવેજોની વિશ્વસનીયતા બાબતે બચાવપક્ષ દવારા કોઈ તકરાર લેવામાં આવેલ નથી.

(૯.૧) આ કામે ફરીયાદપક્ષનો કેસ એવો છે કે, આ કામના ફરીયાદી અને આરોપી વચ્ચે મિત્રતા નો સંબંધ હોય અને આરોપીને આર્થીક નાણાની જરૂરીયાત પડતા જે અન્વયે ફરીયાદીએ આરોપીને રૂા.૮,૨૭,૫૭૦/– પુરા આંક–૧૭ ની પ્રોમીસરી નોટ ની વિગતે આપેલ હોય જે લેણી રકમ પરત ચુકવવા માટે તેઓએ હાલનો ચેક ફરીયાદીને આપેલ હોય. જે કાયદેસરની જવાબદારી પેટે આરોપીએ તા: ૨૮/૦૮/૨૦૨૫ ના રોજનો આંક–૧૮ વાળો તકરારી ચેક આપેલો જે તકરારી ચેક બેન્કમાં જમા કરાવતા તે ફન્ડ ઈન્સફીસીયન્ટ ના કારણે પરત ફરેલો છે. ફરીયાદીએ પોતાની ફરીયાદની હકીકતોને આંક–૦૪ ના સોગંદનામાથી સમર્થન આપેલ છે. આ કામે ટ્રાયલ દરમ્યાન આરોપીને ફરીયાદીની ઉલટ તપાસ માટે તક આપવામાં આવેલી છે પરંતુ,

આરોપી તરફે કોઈ હાજર ન રહેતા ઉલટ તપાસનો હકક બંધ કરવામાં આવેલો છે. ત્યારબાદ પણ બચાવપક્ષ તરફે સદરહું હકક પાછો ખોલાવવા માટે કોઈ પ્રયત્ન કરવામાં આવેલા નથી. વધુમાં, હાલની ફરિયાદ સમય મર્યાદામાં દાખલ થયેલ છે. આરોપી પોતે જ ચેકના સહી કરનારા છે. તે સંજોગોમાં સ્પષ્ટપણે ફરિયાદીપક્ષ ધ્વારા કલમ–૧૩૮ અને ૧૪૨ ની તમામ જોગવાઈ તથા સમયમર્યાદાનું પાલન કરી હાલની ફરિયાદ દાખલ કરેલ છે.

(૧૦) વધુમાં, ફોજદારી સિધ્ધાંત છે કે, ફરિયાદીએ તેમનો કેસ શંકા રહિત સાબિત કરવો પડે. જો કે, હાલનો કેસ તે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ અન્વયે દાખલ થયેલો છે. જે સ્પેશ્યલ કાયદો છે. ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ–૪(૨) માં જોગવાઈ કરેલી છે કે, જયારે કોઈ સ્પેશ્યલ કાયદો અમલમાં હોય, ત્યારે તે કાયદામાં જે ચોકકસ જોગવાઈ કરી હોય તે અમલમાં આવે અને તે બાબતે ભારતીય નાગરીક સુરક્ષા સં હિતા, ૨૦૨૩ની જોગવાઈ લાગુ પડશે નહીં. તે મુજબ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ અને ૧૩૯ ના અનુમાન ફરિયાદીની તરફેણમાં છે. પરંતુ, આ અનુમાન તો જ અમલમાં આવે જો ફરિયાદી પ્રથમ ફાઉન્ડેશનલ ફેકટસ સાબિત કરે કે, આરોપીએ તેમના ખાતાનો ચેક ફરિયાદીની કોઈ કાયદેસરની લેણી કે જવાબદારી પેટે આપેલો છે અને તે વગર સ્વીકાર્યે પરત આવેલો છે. ફરિયાદીને આ કામના આરોપીએ જણાવ્યા મુજબ **તા: ૨૮/૦૮/૨૦૨૫** ના રોજ આ કામના આરોપીએ ફરિયાદીના કાયદેસરની લેણાં પેટેનો ચેક રકમ **રૂા.૮,૨૭,૫૭૦/–** નો **બેન્ક ઓફ બરોડા, કાલાવડ શાખા નો ચેક નં.૦૦૦૦૧૨, તા: ૨૮/૦૮/૨૦૨૫** નો આપેલ તે ફરિયાદીએ પોતાના **બેંકમાં રજુ કરતા** સદરહું ચેક **તા: ૨૯/૦૮/૨૦૨૫** ના રોજ ફન્ડ ઈન્સફીસીયન્ટ ના કારણે પરત ફરેલ. આ બાબતે ફરિયાદીએ આરોપીને નોટીસમાં પણ જણાવેલ છે પરંતુ, આરોપી ધ્વારા કોઈ જવાબ આપવામાં આવેલ નથી. નામ. સર્વોચ્ચ અદાલતે **ઈન્ડિયન બેંક**

એસોસિએશન વિ.યુનિયન ઓફ ઈન્ડિયા **2014 (0) AIJEL-SC 55452** ના ચુકાદામાં ઠરાવ્યા મુજબ, ફરિયાદી જો ફાઉન્ડેશનલ ફેકટસ સાબિત કરે તો કલમ-૧૩૯ મુજબનું ફરિયાદીની તરફેણમાં અનુમાન કરવાનું થાય. વધુમાં ઠરાવેલ છે કે, કાયદાની કલમ-૧૪૫ મુજબ ફરિયાદીને લેખિત સરતપાસ રજુ કરવાનો હકક છે. જે સરતપાસ ઈન્કવાયરી, ટ્રાયલના દરેક તબકકે ધ્યાને લઈ શકાય છે. આમ, ફરિયાદીએ રજુ કરેલ સર-તપાસના આધારે આ ગુનાનું કોગ્નીઝન્સ લેવાયેલ છે. વધુમાં, ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ તે સ્પેશ્યલ કાયદો છે અને સ્પેશ્યલ કાયદામાં કોઈ જોગવાઈ આપેલી હોય ત્યારે તેનું પાલન કરવું પડે. તે રીતે કલમ-૧૩૯ ના અનુમાનનું ખંડન કરવાની જવાબદારી આરોપી પક્ષની છે. આરોપી પક્ષે નોટીસનો જવાબ આપેલ નથી. પ્લી માં કોઈ બચાવ રજુ કરેલ નથી કે ફરિયાદીની ઉલટતપાસ કરેલ નથી. આમ, આરોપી પક્ષે ચેક ફરિયાદી પાસે ગયાનું સ્વીકારેલ જ છે. તે સંજોગોમાં, ફરિયાદી પક્ષે ફાઉન્ડેશનલ ફેકટસ સાબિત કરેલ છે કે, ફરિયાદીની કોઈ કાયદેસરની લેણી કે જવાબદારી પેટે આરોપીએ ચેક આપેલો છે. આમ, ફરિયાદીપક્ષે ફાઉન્ડેશન ફેકટસ સાબિત કરેલ છે ત્યારે કલમ- ૧૧૮ અને ૧૩૯ ના અનુમાનનું ખંડન કરવાની જવાબદારી આરોપીના શીરે આવે છે. મારી ઉપરોકત માન્યતાને નામ.સર્વોચ્ચ અદાલતના **રોહિતભાઈ જીવણલાલ પટેલ વિ.ગુજરાત રાજ્ય અને બીજાઓ** **2019 (0) AIJEL-SC 63830** ના ચુકાદાથી સમર્થન મળે છે. જે ચુકાદામાં નામ.સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે કે,

"14. So far the question of existence of basic ingredients for drawing of presumption under Sections 118 and 139 the Nl act is concerned, ***apparent it is that the accused-appellant could not deny his signature on the cheques in question that had been drawn in favour of the complainant on a bank account maintained by the accused for a sum of Rs. 3***

lakhs each. The said cheques were presented to the Bank concerned within the period of their validity and were returned unpaid for the reason of either the balance being insufficient or the account being closed. ***All the basic ingredients of Section 138 as also of Sections 118 and 139 are apparent on the face of the record.*** The Trial Court had also consciously taken note of these facts and had drawn the requisite presumption. Therefore, it is required to be presumed that the cheques in question were drawn for consideration and the holder of the cheques i.e. the complainant received the same in discharge of an existing debt. ***The onus, therefore, shifts on the accused-appellant to establish a probable defence so as to rebut such a presumption."***

(૧૧) આમ, હાલના કેસમાં પણ કલમ–૧૧૮ અને કલમ–૧૩૯ ના અનુમાનો જેવા કે, અવેજ, તારીખ સ્વીકારવાનો સમય તથા ફરિયાદી પેયી અથવા હોલ્ડર ઈન ડયુ કોર્સ હોવાનું ફરિયાદીની તરફેણમાં છે. જેનું ખંડન કરવાની જવાબદારી આરોપીના શીરે છે. આ ખંડન માટેનું પુરાવાનું ધોરણ તે શંકારહિત પુરવાર કરવાનું નથી પરંતુ શકયતાદર્શી પુરાવા (પ્રીપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી) નું છે અને તેના માટે આરોપીએ પોતે પુરાવો આપવાની કે સાહેદ તપાસવાની જરૂર નથી. આરોપી ફરિયાદપક્ષે રજુ કરેલા પુરાવા ઉપર આધાર રાખી શકે છે. ફરિયાદીની તરફેણમાં રહેલા અનુમાનનું ખંડન કરવા માટે આરોપીપક્ષે સાબિત કરવું પડે કે, ફરિયાદીએ દર્શાવેલ અવેજ કે લેણું અસ્તિત્વ જ ધરાવતું નથી અથવા કેસના સંજોગો એવા છે કે જેમાં સમજદાર વ્યકિત એવું માનવાને પ્રેરાય કે ફરિયાદીએ જણાવેલ અવેજ કે લેણું અસ્તિત્વ ધરાવી શકે નહીં. જો કે, આરોપી પક્ષે લેણાં કે જવાબદારીનો ફકત સીધો ઈન્કાર કર્યેથી જ આરોપીને લાભ મળી શકે નહીં. પરંતુ, એવો શકયતાદર્શી પુરાવો આપવો પડે કે, જેનાથી પુરાવાનો

બોજો ફરિયાદીના શીરે તબદીલ થાય. મારી ઉપરોકત માન્યતાને નામ.સર્વોચ્ચ અદાલતના **મે. કુમાર એક્ષપોર્ટસ વિ.શર્મા કાર્પેટસ 2008 (0) AIJEL-SC 42685** ના ચુકાદાથી સમર્થન મળે છે. જેમાં નામ. સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે કે,

"11. ..... The accused in a trial under Section 138 of the act has two options. He can either show that consideration and debt did not exist or that under the particular circumstances of the case the non-existence of consideration and debt is so probable that a prudent man ought to suppose that no consideration and debt existed. To rebut the statutory presumptions an accused is not expected to prove his defence beyond reasonable doubt as is expected of the complainant in a criminal trial. The accused may adduce direct evidence to prove that the note in question was not supported by consideration and that there was no debt or liability to be discharged by him. However, the court need not insist in every case that the accused should disprove the non-existence of consideration and debt by leading direct evidence because the existence of negative evidence is neither possible nor contemplated. ***At the same time, it is clear that bare denial of the passing of the consideration and existence of debt, apparently would not serve the purpose of the accused. Something which is probable has to be brought on record for getting the burden of proof shifted to the complainant. To disprove the presumptions, the accused should bring on record such facts and circumstances, upon consideration of which, the court may either believe that the consideration and debt did***

not exist or their non-existence was so probable that a prudent man would under the circumstances of the case, act upon the plea that they did not exist. Apart from adducing direct evidence to prove that the note in question was not supported by consideration or that he had not incurred any debt or liability, the accused may also rely upon circumstantial evidence and if the circumstances so relied upon are compelling, the burden may likewise shift again on to the complainant. The accused may also rely upon presumptions of fact, for instance, those mentioned in Section 114 of the Evidence act to rebut the presumption arising under Sections 118 and 139 of the Act."

(૧૧.૧) આરોપીને સૌ પ્રથમ બચાવની તક ફરિયાદી દ્વારા આપેલ નોટીસના જવાબના સ્વરૂપમાં મળે છે. જેમાં આરોપી ફરિયાદી દ્વારા રજુ કરેલ વિગતોનો ઈન્કાર કરી પોતાનો બચાવ રજુ કરી શકે છે. વધુમાં, આરોપીની જયારે પ્લી નોંધાય ત્યારે પણ આરોપીએ પોતાનો બચાવ રજુ કરવો જોઈએ અને ત્યારબાદ ફરિયાદી તથા તેમના તરફે રજુ થયેલા સાહેદોની ઉલટતપાસમાં પોતાનો બચાવ રજુ કરી પુરવાર કરી શકે છે. આરોપી જો ઈચ્છે તો પોતે પુરાવો આપી શકે છે અને બચાવના સાહેદો પણ તપાસી શકે છે. આરોપીએ પ્લી નોંધાવતી વખતે પોતાનો બચાવ રજુ કરવો જોઈએ તેવો દિશાનિર્દેશ નામ.સર્વોચ્ચ અદાલતે **ઈન્ડિયન બેંક એસોસિએશન અને બીજાઓ વિ.યુનિયન ઓફ ઈન્ડિયા 2014 (0) AIJEL-SC 55452** ના ચુકાદામાં આપેલા દિશા નિર્દેશો પૈકી દિશાનિર્દેશ નં.૪ માં જણાવેલ છે. જે નીચે મુજબ છે.

"(4) Court should direct the accused, when he appears to furnish a bail bond, to ensure his appearance during trial and ask him to take notice under Section 251

Cr.P.C. to enable him to enter his plea of defence and fix the case for defence evidence, unless an application is made by the accused under Section 145(2) for re-calling a witness for cross-examination."

(૧૧.૨) જો કે, હાલના કેસમાં આરોપીએ નોટીસનો જવાબ આપેલ નથી કે પ્લી નોંધાઈ ત્યારે પોતાનો કોઈ જ જવાબ જાહેર કરેલ નથી. આમ, ઉપરોકત સિધ્ધાંતો અને પુરાવાનું ધોરણ ધ્યાને લઈ હાલના કેસમાં ફરિયાદી તેમની ફરિયાદ તથા આરોપી અનુમાનનું ખંડન કરી શકયા છે કે નહીં તે જોવું રહ્યું.

(૧૧.૩) ફરિયાદી ધ્વારા તેમની સરતપાસમાં તેમની ફરિયાદને સમર્થન આપવામાં આવેલ છે અને આરોપી પક્ષે ફરિયાદીનું ઉલટ તપાસ કરવામાં આવેલ નથી અને જેથી આરોપીપક્ષે ફરિયાદીની ઉપરોકત હકીકતોનો સ્વીકાર કર્યો ગણી શકાય. ફરિયાદપક્ષે રજુ થયેલ ચેક આરોપીનો નથી તેવી કોઈ તકરાર આરોપી ધ્વારા લેવામાં આવેલ નથી. ચેક ફન્ડ ઈન્સફીસીયન્ટ ના કારણે પરત આવેલો છે એટલે કે આરોપીએ તેમના ખાતામાં પૂરતું બેલેન્સ રાખેલ નથી . જો આરોપીનો ચેક ખોટી રીતે ફરિયાદી પાસે પહોંચ્યો હોય તો સ્વભાવિક જ આરોપીપક્ષે પગલાં લીધા હોત પરંતુ, આરોપીપક્ષે આવી કોઈ જ તકરાર ઉત્પન્ન કરેલ નથી. ફરિયાદી ધ્વારા ફરિયાદ તથા સરતપાસ માં એ બાબતનું વર્ણન કરેલું છે કે, આરોપીએ ફરિયાદીને ચેક આપેલ જે ચેક તે હાલની ફરિયાદવાળો તકરારી ચેક છે. ફરિયાદી અને આરોપી એકબીજાને ફરિયાદવાળો વ્યવહાર થયેલ છે અને ફરિયાદી અને આરોપી વચ્ચે ફરિયાદમાં જણાવેલો વ્યવહાર થયાનું સાબિત કરવામાં ફરિયાદપક્ષ સફળ રહેલ છે.

(૧૨) કોર્ટ ધ્વારા આરોપીની પ્લી લેવાઈ ગયા બાદ આરોપી કોર્ટમાં હાજર રહેલ નહીં અને આરોપીની ગેરહાજરીના કારણે ફરિયાદીને વારંવાર કોર્ટમાં હાજર રહેવું પડે અને તે કારણથી અને આરોપી ઉલટ તપાસ માટે ગેરહાજર રહેતા હોય તે કારણથી **આંક–૧૬** ની અરજી હેઠળ હુકમ કરી આરોપી ધ્વારા ફરિયાદીની

ઉલટતપાસનો હકક બંધ કરવામાં આવેલ. ત્યારબાદ આરોપીનું ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩–૩૫૧ હેઠળ વધારાના નિવેદન નોંધવાના તબકકે આરોપી કોર્ટમાં હાજર રહેલ નથી અને જેથી આગળની કાર્યવાહી કરેલ નથી જે કારણોસર આરોપીનો ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩–૩૫૧ મુજબનું વધારાનું નિવેદન નોંધવાનો હકક બંધ કરવામાં આવેલ હતો.

(૧૨.૧) ફરિયાદવાળો ચેક બેંકમાં રજુ કર્યા બાબત, પરત ફર્યા બાબત, નોટીસ આ પ્યા બાબત અને ફરિયાદ દાખલ કર્યાની સમયમર્યાદા બાબત આરોપીપક્ષ ઘ્વારા કોઈ તકરાર લેવામાં આવેલ નથી. આરોપી ચેકના ડ્રોઅર હોવાની અને ફરિયાદી પેયી હોવાની પણ આરોપીપક્ષે તકરાર લીધેલ નથી.

(૧૩) અગાઉ ચર્ચા કર્યા મુજબ કલમ–૧૧૮ અને કલમ–૧૩૯નું અનુમાન ફરિયાદીની તરફેણમાં છે. જેથી તેનું ખંડન કરવાની જવાબદારી આરોપીના શીરે રહે છે પરંતુ, આરોપીપક્ષે નોટીસનો જવાબ આપેલ નથી, પ્લીમાં કોઈ બચાવ રજુ કરેલ નથી કે ફરિયાદીની ઉલટતપાસ કરેલ નથી. અગાઉ ચર્ચા કરી તે મુજબ નામ.સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે કે, આરોપીએ પોતાનો ચેક ફરિયાદી પાસે કોઈ લેણાં કે જવાબદારી પેટે ગયો નથી તે અનુમાનનું ખંડન કરવું પડે છે. આરોપીપક્ષે ફરિયાદીએ જણાવેલ આક્ષેપિત વ્યવહાર સંદર્ભે કોઈ તકરાર ઉત્પન્ન કરેલ નથી કે તેનું ખંડન પણ કરેલ નથી.

(૧૪) હાલના કેસમાં આરોપી તેમના વકીલશ્રી સાથે હાજર રહયા છે અને પ્લી રેકોર્ડ કરવામાં આવેલ છે પરંતુ, ત્યારબાદ આરોપી હાજર રહયા નથી કે ફરિયાદીની ઉલટતપાસ કરેલ નથી. આમ, આ તબકકે આરોપીના વર્તનની પણ નોંધ લેવી રહી કે આરોપીને હાલની ફરિયાદ તેમની વિરૂઘ્ઘ ચાલુ હોવાની ખબર હોવા છતાં આરોપીએ હાજર રહી તેમનો બચાવ કરેલ નથી અને કેસને લંબાવવાનો પ્રયત્ન કરેલ છે.

(૧૫) ઉપરની ચર્ચાને અંતે ફરિયાદવાળો ચેક આરોપીનો હોવા બાબતે તકરાર લીધેલ નથી. આરોપીનો ચેક ફરિયાદી પાસે કયાં કારણસર ગયો તે સાબિત કરવામાં આરોપીપક્ષ નિષ્ફળ નિવડેલ છે. આરોપીએ ફરિયાદી વિરૂધ્ધ ચેકનો દુરુપયોગ કરવા બાબતે કોઈ કાર્યવાહી કરેલ નથી. આમ, ઉપરોકત ચર્ચાને અંતે સ્પષ્ટપણે સાબિત થાય છે કે, આરોપીએ ફરિયાદીને તેમની લેણી પેટે ફરિયાદવાળો ચેક આપેલો છે. આરોપી ઉપર જે કલમ–૧૩૯ મુજબના ખંડન ની સાબિતીનો બોજો છે તે આરોપીએ નિભાવેલ નથી અને ફરિયાદીની તરફેણમાં ઉત્પન્ન થયેલ કલમ–૧૩૯ ના અનુમાનનું ખંડન કરેલ નથી. ફરિયાદપક્ષે **આંક–૧૭** થી આરોપી સાથે થયેલ પ્રોમીસરી નોટની ટ્રુ કોપી રજુ રાખેલ છે. ત્યારબાદ, **આંક–૧૮** થી આરોપીએ આપેલો ચેક રજુ કરેલો છે. જે **આંક–૧૯** વાળા રીટર્ન મેમો મુજબ ફન્ડ ઈન્સફીસીયન્ટ શેરા સાથે પરત ફરેલો છે. ફરિયાદીએ **આંક–૨૦** થી આરોપીને નોટીસ આપેલ છે જે રજુ રાખેલ છે. પરંતુ, આરોપીએ તે નોટીસનો જવાબ આપેલો નથી. જેથી આરોપીએ ફરિયાદીની તરફેણમાં ઉત્પન્ન થયેલ અનુમાનનું ખંડન કરેલ નથી.

(૧૬) કલમ–૧૩૮ ની જોગવાઈ મુજબ જો ચેક બેંકમાંથી ફંડ ઓછું હોવાના કારણે અથવા તો ચેક લખનારે બેંક સાથે કરેલી ગોઠવણ કરતાં વધુ રકમનો ચેક હોય અને તે કારણે પરત ફરે તો આરોપીએ આ કલમ હેઠળ ગુનો કર્યો ગણાય. હાલના કેસમાં ફરિયાદીએ રજુ કરેલો રીટર્ન મેમો જોતાં ફરિયાદવાળો ચેક ફંડસ ઈન્સફીસીયન્ટના શેરા સાથે પરત ફરેલો છે. વધુમાં, તે રીટર્ન મેમોમાં તકરારી ચેકનો નંબર લખેલો છે. ચેક પરત ફર્યા બાદ આરોપીને નોટીસ આપેલ હોવા છતાં આરોપીએ તે ચેક સંદર્ભે કોઈ કાર્યવાહી કરેલ નથી કે ફરિયાદીને તેમના નાણાં ચૂકવી આપવા પ્રબંધ કરેલ નથી અને તે રીતે આરોપીએ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ અન્વયેનો ગુનો કર્યો ગણાય.

(૧૭) સમગ્રપણે ફરિયાદ, રજુ થયેલા દસ્તાવેજો તથા મૌખિક પુરાવા અને દલીલો ધ્યાને લેતાં આરોપીએ **આંક–૧૮** વાળો ચેક ફરિયાદીને ફરિયાદીની કાયદેસરની બાકી પડતી લેણી રકમ પેટે આપેલો હોવાનું તથા તે ચેક ફન્ડ ઈન્સફીસીયન્ટ ના શેરા સાથે વગર સ્વીકાર્યે પરત આવેલો હોય અને આરોપીને ફરિયાદીએ નોટીસ આપવા છતાં અને આરોપીને નોટીસની જાણ હોવા છતાં તે ચેકની રકમ ફરિયાદીને ચૂકવી નહીં આપી ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો ગુનો કરેલ હોવાનું સાબિત થાય છે.

(૧૮) જયારે આ કામે હાલના આરોપી ધ્વારા ફરિયાદીને આ કામનો ચેક કાયદેસરના દેવા પેટે આપેલ હોવા સામે કોઈ બચાવ કરવામાં આવેલ નથી, ત્યારે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ મુજબ તેઓ ધ્વારા હાલનો ચેક કાયદેસરના દેવા પેટે આપેલ હોવાનું અનુમાન ન કરવા માટે કોઈ પર્યાપ્ત કારણ રજુ કરી શકેલ નથી. તેમજ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ મુજબ પણ ફરિયાદીના પુરાવાથી કોઈ વિરૂધ્ધની હકીકત પુરવાર કરવા સારૂ અત્રે ની અદાલત સમક્ષ હાજર રહેલા નથી.

(૧૯) તેમજ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩–૨૭૪ અન્વયે તેઓ હાલના ગુનાના કામે તેઓ પોતાનો બચાવ કરવા માંગતા હોવાનું જાહેર કરી, પોતાનો કોઈ બચાવ રજુ કરેલ નથી. ત્યારે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ અન્વયે તેઓએ હાલનો ગુનો કરેલ ન હોવાનું માની શકાય તેમ નથી.

(૨૦) ત્યારે ઉપરોકત મુદ્દા નંબર–૧ અન્વયે આ કામનો તકરારી ચેક આરોપી ધ્વારા કાયદેસરના દેવા અથવા અન્ય જવાબદારીની ભરપાઈ કરવા માટે અને તે ચેક ફન્ડ ઈન્સફીસીયન્ટ ના કારણસર પરત ફરેલો અને આ કારણ બદલ આરોપીની કોઈ કસુર નથી તેવો કોઈ જ પુરાવો કે બચાવ આરોપી તરફે રજુ

રાખવામાં આવેલ નથી અને તેઓને કાયદેસરની નોટીસ બજી ગયેલ હોવા છતાં નિર્ધારીત સમય મર્યાદા માં તેઓ ધ્વારા ચેક રકમ ફરિયાદીને નહી ચુકવી આપી અને ગુનો કરેલ હોવાનું પુરવાર થતું હોય અને તેમાં પોતાનો બચાવ રજુ કરવામાં નિષ્ફળ નીવડતા હોય, આરોપીને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના ગુના સબબ તકસીરવાન ઠરાવવામાં આવે છે અને મુદ્દા નં.૧ નો જવાબ હકારમાં ઠરાવું છું અને ન્યાયને ખાતર આરોપીને સજાના પ્રમાણ બાબતે સાંભળવા ઉપર કેસ મુલત્વી રાખવામાં આવે છે.

મુ.કાલાવડ.
તા:૦૮/૦૫/૨૦૨૬

(હર્ષદ રાજાભાઈ ખમલ)
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
કાલાવડ,
<u>જજ કોડ નં.જીજે.૦૧૭૪૯</u>

સજા અંગે સાંભળ્યા.

(૧) સજા અંગે સાંભળતા, ફરીયાદીના વિધ્વાન વકીલશ્રીએ ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ આરોપી સામે મહતમ કેદની સજા તેમજ ચેકની બમણી રકમનો દંડની સજા કરીને ફરીયાદીને ચેકની રકમ વળતર તરીકે ચુકવવામાં આવે તેવી દલીલ કરેલ છે.

(૨) આજરોજ આરોપી અગરતો આરોપીના વિ.વ.શ્રી કોર્ટ સમક્ષ હાજર રહેલ નથી કે સજાના પ્રશ્ન અંગે કોઈ રજુઆત કરેલ નથી.

(૩) અત્રેની કોર્ટનું માનવું છે કે, આરોપીએ ફરીયાદીનાં કાયદેસરનાં નાણાં ન ચુકવી ફરીયાદીને ખુબ જ મોટું નુકશાન કરેલ છે. વટાવખત અધિનિયમ તે એક વિશેષ ધારો છે અને તેની કલમ–૧૩૮ ની જોગવાઈઓ જોતાં, આ ધારા પાછળનો હેતુ જયારે તે નાણાં ડુબાડવા માટે કસુરવાર ઠરે તે વ્યકિતને યોગ્ય સજા કરી અને જે વ્યકિતએ નાણાંકીય વ્યવહાર વિશ્વાસથી કરેલ હોય તે નાણાંકીય વ્યવહારની વિશ્વસનીયતા ટકી રહે તે માટે તેને આવા નાણાં પણ મળી રહે અને આરોપીને યોગ્ય શિક્ષા પણ કરી શકાય તેવો હેતુ રહેલો છે, જેથી જો આરોપીને ઓછામાં ઓછી સજા કરવામાં આવે તો આરોપીને તેની ગંભીરતા સમજાય નહિં અને ફરીયાદપક્ષને અન્યાય થાય તેવી પુર્ણ સંભાવના છે. ઉપરોકત કરેલ ચર્ચા, તકરારી ચેકની રકમ તથા પક્ષકારોની પરિસ્થિતિ ધ્યાને રાખતા, નીચે મુજબનો હુકમ કરવો વ્યાજબી અને ન્યાયોચિત જણાતો હોય, નીચે મુજબનો **''આખરી હુકમ''** ફરમાવવામાં આવે છે.

// આ ખ રી હુ ક મ //

૧. આ કામના આરોપી **ઉદેશી જયદીપભાઈ વિઠલભાઈ ઉ.વ.– ૩૩, ધંધો– મોબાઈલ રીપેરીંગ, રહે.– ૨૩૫ સોની શેરી, કાલાવડ જી. જામનગર** નાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩–૨૭૮(૨) અન્વયે ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના ગુનામાં કસુરવાર ઠરાવવામાં આવેલ હોય, **તેમને એક વર્ષની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે.**

૨. વધુમાં, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૩૯૫(૩) મુજબ, ફરીયાદવાળા ચેકની રકમ **રૂા. ૮,૨૭,૫૭૦/–** આ કામના આરોપીએ ફરીયાદીને વળતર પેટે હુકમની તારીખથી એક માસની અંદર ચુકવી આપવી. જો આરોપી વળતરની રકમ એક માસ દરમ્યાન ચુકવવામાં નિષ્ફળ જાય તો આરોપીને **વધુ છ માસની સાદી કેદની સજા** ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આ કામના આરોપીએ હાલના ગુનાના કામે જો કોઈ સજા ભોગવેલ હોય તો તે સજા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩– ની કલમ – ૪૬૮ મુજબ મજરે આપવાની રહેશે.

૪. આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૪૦૪ મુજબ હુકમની સર્ટીફાઈડ નકલ વિના મુલ્યે પુરી પાડવી.

૫. આજરોજ આરોપી કોર્ટ સમક્ષ હાજર ન હોય આરોપીનું પાકું સજા વોરંટ ભરી અમલવારી માટે સુપ્રિટેન્ડેન્ટ ઓફ પોલીસ, જામનગર ને યાદી સાથે મોકલવું.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુ.કાલાવડ.
તા:૦૮/૦૫/૨૦૨૬

(હર્ષદ રાજાભાઈ ખમલ)
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
કાલાવડ,
<u>જજ કોડ નં.જીજે.૦૧૭૪૯</u>